# ચેખલા ગામે ટ્રેક્ટર સામે નીલગાય આડે આવતા પલટી ખાઈ ગયું

### ટ્રેક્ટર ટોલી પલટી મારતા બાપ બેટાનો આબાદ બચાવ

કાંકરેજ, તા. ૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના ચેખલા ગામના સોરાબજી નાગજી ઠાકોર તથા તેમના દીકરા બાબાજી સોરાબજી બંને જણ પોતાના ટ્રેક્ટર લઈ



ખિમાણા ચેખલા રોડ ઉપર પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન એક નીલગાય આડે આવતા તેને બચાવવા જતાં ટ્રેક્ટર ટોલી સાથે પલટી મારતા બંને બાપ બેટાને ઈજાઓ થવા પામી હતી. જોકે બંને બાપ બેટો ટ્રેક્ટર ટોલી નીચે દબાઈ જતાં તેમને બચાવવા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને જેસીબી મશીન દ્વારા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ શિહોરી ૧૦૮ને ફોન કરતા પાયલોટ બિપિન ત્રિવેદી અને ઈએમટી રાઉલભાઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બંને ઘાયલોને શિહોરી સરકારી રેફરલ હોસ્પિટલમા ડોક્ટર ડી. એન. પરમાર પાસે સારવાર માટે લાવ્યા હતા જયા સારવાર કરી વધુ ઈજાઓ હોવાથી પાટણ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. આમ ચેખલા ગામના બંને બાપ બેટાના આવા ગમખ્વાર અકસ્માત થયો હોવા સત્તા કુદરતનો કરિશ્મા સર્જાયો હતો અને એક પૂર્ણયોગમા નીલગાયને બચાવવા જતાં આ અકસ્માત સર્જાયો હતો. જોકે હાલમાં બને બાપ બેટાની તબિયત સારી હોવાના સમાચાર સાંપડયા છે.

# ધાનેરામાં વેચાતો રસકટ ગોળ

### અધિકારી અને વહેપારીની મિલિ ભગત : તપાસ કરવામાં આવે તો કરોડો નો માલ મળે તેમ છે



ધાનેરા, તા.૧

સરકાર શ્રી એક તરફ દારૂ બંધીના કાયદા વિશે ભેકડો તાણે છે ત્યારે બીજી તરફ દારૂ બનાવવાંનો ગોળ ધાનેરા શહેરમાં અને ગામડાની દુકાનોમાં ઠલવાય છે. રસકટ ગોળમાં મોટો નફો મળતો હોવાથી વહેપારી લોકોનાં આરોગ્યની ચિંતા કરતાં નથી પરંતુ નફો વધારે મળે અને માલ વધુ વેચાય તેવી તકેદારી રાખે છે.

ધાનેરા માં લગભગ દરેક વસ્તુ બિલો વગર અને ભેળસેળ વાળી ઠલવાઈ રહી છે ત્યારે રસકટ ગોળ નો પણ પ્રથમ નંબર આવે છે આ બાબતે અનેક વખત સમાચાર પત્રોમાં છપાયા બાદ પણ અધિકારીઓનાં પેટનું પાણી હલતું નથી તેમને પોતાની ટકાવારી અને મિલીભગતમાં રસ છે ધાનેરામાં વહેપારીઓની ધણીખરી દુકાનો (વખાર) રસકટ ગોળ તથાં અન્ય ડુપ્લીકેટ તેલ અને ઘીની ભરેલ છે પરંતુ અધિકારી પોતે દેશનાં અને લોકોનાં આરોગ્યનું હીત જોઈને કામ કરે તો આવાં તત્વો જેલનાં સળીયા પાછળ ધકેલી શકાય

શું ધાનેરા માં પુરવઠા વિભાગ તથા મામલતદાર આ બાબતે શું જાણ નથી? અને ઓચિતી તપાસ કરી કાયદેસરની કાર્યવાહી થાય તેવી લોકો ની માંગ છે.

# તલોદના પૂનમ બંગલાનુ સીલ ખોલવા અધિકૃત તંત્રનો હૂકમ

તલોદ, તા. ૧

સરકારના સહકાર વિભાગના સચિવે તલોદના પૂનમ બંગલાનુ સીલ ખોલવા હૂકમ કર્યો છે. આમ થતાં ફરી એકવાર કથિત અધૂરા કાયદા સાથે અડધા કરોડથી વધુની વસુલાત કરવા માટે ઉધામા કરતી નાગરિક બેંકને 'બેક ફુટ' ઉપર જવાની નોબત આવી છે. જેને સચિવ કક્ષાએ અપીલ કરવાની ફરજ પડી હોવાનુ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

તલોદની નાગરિક સહકારી બેન્કના દાવા મુજબ તલોદની મહેતા એન્ડ કુ.ના માલીક કમલેશ રસીકલાલ મહેતા (બોસાવાળા) પાસે રૂપિયા અડધા કરોડથી વધુની રકમ લોન પેટે બાકી રહે છે. વર્ષો પહેલા બેન્કે આ પેઢીને રૂ. ૩૫ લાખની લોન કમલેશ મહેતાના પિતા રસીકલાલ ચંદુલાલ મહેતાની માલીકીના લક્ષ્મીકુંજ સોસા., કોલેજ રોડ, તલોદ ખાતે આવેલા પૂનમ બંગલાને મોર્ગેજ કરીને આપી હતી. હાલ બેન્ક આ બાકીદાર પાસે રૂ. ૫૩ લાખ ૪૧ હજારથી વધુ રકમ માંગે છે ત્યારે લોનના નાણાં પરત નહિ ભરીને, મોર્ગેજ કરેલ પૂનમ



બંગલો બાકીદાર કમલેશ મહેતાએ ગેરકાયદેસર રીતે પિતાના નામેથી વીલ આધારે પત્ની ડિમ્પલના નામે કરી દઈને કમલેશે બેન્ક સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનો દાવો કરીને બેન્કે બોર્ડ ઓફ નોમીનીઝનો ચુકાદો આગળ ધરીને ગ્રહણ પૂર્વે પૂનમ બંગલાને સીલ મારી દઈ ત્યાં જડબેસલાક સીક્યુરિટી જવાનોને મુકી દીધા છે.

બેન્કનું આ પગલું કાયદાની પ્રક્રિયા મુજબ નહિ હોવાનું માનીને કમલેશ મહેતાએ અધિકૃત તંત્ર સામે ઘા નાખીને બંગલાના સીલ ખોલી નાખવાનો હુકમ મેળવવામાં સફળતા મેળવતાં જ હચમચી ગયેલ નાગરિક બેન્કને સચિવના હુકમ સામે અપીલ દાખલ કરવાની ફરજ પડી છે. પ્રક્રિયા પુરી કર્યા બાદ જ પોલીસ એક્શનમાં આવશે તેમ જણાઈ રહ્યુ છે.

# હિંમતનગરના શહેરી વિસ્તારમાં વિજ કંપની દ્વારા ભૂગર્ભ લાઈન નંખાશે

### અંદાજે રૂ. ૧૨ કરોડના ખર્ચે માર્ચ ૨૦૧૯ સુધીમાં કામ પૂર્ણ કરાશે : મહાવીરનગર વિસ્તારને હાલ પુરતો બાકાત રખાયો

હિંમતનગર, તા.૧

ઉત્તર ગુજરાત વીજ કંપની ધીરે ધીરે આધુનિરકતાના અમલીકરણ માટે આગળ વધી રહી છે ત્યારે મેટ્રો સીટીની જેમ વીજ કંપનીન ઓવર હેડ લાઈનો વધુ ખર્ચાળ સાહિત થઈ રહી છે ત્યારે ઓછા ખર્ચે અને સલામતીની દૃષ્ટિએ આશીર્વાદ સમાન ગણાતી ભૂગર્ભ લાઈનનું પરિણામ સારુ મળી રહ્યું છે ત્યારે હિંમતનગર ડિવિઝન દ્વારા શહેરની ફિડરને આધુનિકતાનો ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે શહેરના મોતીપુરા ઓવરબ્રીજ અને મહાવીરનગરથી ટાવર રોડને જોડતા તથા હાથમતી પુલના અંદરના વિસ્તારોમાં રૂ. ૧૨ કરોડના ખર્ચે ભૂગર્ભ વીજ લાઈન નાખવાનું કામ બે માસ અગાઉ શરૂ કરાયું છે. જે કામ માર્ચ ૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાની ધારણા રખાઈ છે.

આ અંગે વિજ કંપનીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જુના હિંમતનગરના શહેરી વિસ્તારમાં વર્ષોથી વીજ કંપનીની ઓવરહેડ લાઈનોને કારણે વારંવાર વીજ ફોલ્ટ થાય છે. જેના કારણે વીજ કંપની તથા ગ્રાહકોને આર્થિક નુકસાન વેઠવું પડે છે. ખાસ કરીને ઉનાળામાં તથા ચોમાસામાં થતાં ફોલ્ટને કારણે લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહેતા હોવાથી ગ્રાહકોને ખૂબ જ મુશ્કેલી વેઠવી પડે છે.

આ તમામ મુશ્કેલીઓનો અંત લાવવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપનીના હિંમતનગર ડિવિઝન દ્વારા શહેરના જુના બજાર, ખાડીયા, પોલોગ્રાઉન્ડ સહિતના જુના હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારમાં ભૂગર્ભ વીજ લાઈન નાખવા માટે ખોદકામ શરૂ કરી દેવાયું છે. આ કામ આગામી માર્ચ -૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવામા આવનાર હોવાનો લક્ષ્ય રખાયો છે.

# મોડાસા નગરપાલિકાની સમિતિની રચનાઓમાં પક્ષના વફાદાર કોર્પોરેટરને અન્યાયનો ગણગણાટ

### સામાન્ય સભામાં શહેરના વિકાસના ૩૨ એજન્ડા મુદ્દાની ચર્ચા ૨૩ મિનિટમાં પૂર્ણ કરી દેવાયા : ભાજપે આપેલ પ્રમુખપદ માટેના મેન્ડેડનો વિરોધ કરનારને મહત્વની સમિતિમાં સ્થાન

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ભાજપ શાષિત નગરપાલિકા પ્રમુખની અઢી વર્ષની અવધિ પૂર્ણ થતા પ્રમુખપદ મેળવવા ભાજપના બે કોર્પોરેટરોની જૂથબંધીના લીધે જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હતો અને ભાજપ પક્ષે પ્રમુખ માટે સુભાષ શાહનો મેન્ડેડ આપતા હરીફ જૂથના ૯ કોર્પોરેટરોએ રાજીનામાં ધરી દેતા પક્ષના મોવડી મંડળમાં હડકંપ મચતાં ડેમેજ કંટ્રોલ કરવામાં સફળતા મળતા ૯ કોર્પોરેટરોને મનાવી લેતા નગરપાલિકામાં ભાજપની સત્તા બચાવમાં સફળતા મળી હતી. મંગળવારે મોડાસા નગરપાલિકામાં બીજા ટર્મ માટે જુદા જુદા વિભાગો માટે સમિતિઓની રચના માટે સભાખંડમાં પ્રમુખ સુભાષ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખ ના અધ્યક્ષસ્થાને યોજાયી હતી. ૧૭ સમિતિઓની રચનામાં બળવો કરનાર ભાજપના ૯ કોર્પોરેટરોને જ નગરપાલિકાની મહત્વની સમિતિઓમાં ચેરમેન પદ ધરી દેતા પક્ષને વફાદાર રહેનાર કોર્પોરેટરો સમસમી ઉઠ્યા હતા, પરંતુ પક્ષની શિસ્તને ધ્યાને રાખી સમિતિઓના ચેરમેન અને સમિતિઓની સભ્યની નિમણુંક આવકારી હતી. સામાન્ય સભા પૂર્ણ થયા બાદ પક્ષને સમર્પિત રહેનાર કોર્પોરેટરોમાં ગણગણાટ શરુ થયો હતો, બીજી બાજુ વિરોધપક્ષના નેતા જી.આઈ. ખાલકે સમિતિઓની નિમણૂકમાં અનુસુચિતજાતિ/જનજાતિ અને લઘુમતી સમાજના નગરસેવકોની મહત્વની સમિતિઓમાં સ્થાન નહિ આપી અન્યાય કર્યો હોવા સાથે વિપક્ષ દ્વારા વિરોધ નોંધાવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મોડાસા નગરપાલિકાની સામાન્યસભા મંગળવારે સભાખંડમાં પ્રમુખ સુભાષભાઈ શાહ અને ચીફ ઓફિસર પ્રણવ પારેખની ઉપસ્થિતિમાં વિવિધ સમિતિઓની નિમણૂકમાં પ્રમુખ પદ સમયે પક્ષના આદેશને શિરોમાન્ય રાખી મેન્ડેડને સ્વીકાર્યો હતો તેવા ૧૧ કોર્પોરેટરોને નગરપાલિકાની મહત્વની સમિતિઓ માંથી દૂર રાખતા અને પક્ષના મેન્ડેડનો વિરોધ કરનાર ૯ કોર્પોરેટરોને મહત્વની સમિતિમાં ચેરમેન અને સભ્યમાં સ્થાન આપતા પક્ષના વફાદાર સભ્યો સમસમી ઉઠ્યા હતા અને પક્ષમાં પાયાના કાર્યકરો અને શિસ્તને અમલવારી કરનાર સાથે અન્યાય કર્યો હોવાની સાથે ભાજપની કાર્યશૈલી કોંગ્રેસ જેવી બની રહી હોવાનું જણાવી રોષ ઠાલવ્યો હતો.

સામાન્ય સભામાં એજન્ડાના ૩૨ મુદ્દા પર ચર્ચા વિચારણા કર્યા વગર ફક્ત ૨૩ મિનિટ્સમાં બહાલી આપી દેતા વિરોધપક્ષના કોર્પોરેટર અને અપક્ષ નગરસેવકોએ વિરોધ નોંધાવ્યો હતો.

# પ્રાંતિજ પોલીસે જુગાર રમતા સાત જુગારીઓમાથી પાંચ જુગારીઓને પકડી પાડયા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સીમ ખેતરની ઓરડી પાસે જુગાર રમતાં સાત જુગારીઓમાંથી પાંચ જુગારીઓને ૭૧,૯૨૦ના મુદ્દામાલ સાથે પ્રાંતિજ પોલીસે પકડી પાડ્યા તો બે જુગારીઓ પોલિસ જોતા જ ભાગી ગયા હતા.

પ્રાંતિજ પોલીસ પીએસાઇ એમ.બી. ગજ્જર તથા પોલીસ કોન્સ્ટેબલ કિરીટસિંહ, ભરતસિંહ, જગદિશસિંહ સહિતની ટીમ પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળતાં પ્રાંતિજ સીમ વિસ્તારમાં આવેલ આરીફ મહમંદભાઇ શેખના ખેતરોની ઓરડી પાસે ખુલ્લી જગ્યામાં તીન પત્તીનો જુગાર રમાતો હોય પ્રાંતિજ પીએસઆઇ ગજ્જર દ્વારા પોલીસ ટીમ સાથે રેડ કરતાં જુગાર રમતા સાત જુગારીઓમાંથી પાંચ જુગારીઓ પોલીસે પકડી પાડ્યા હતાં. બે જુગારીઓ પોલીસ જોતા જ ભાગી ગયા હતા. પ્રાંતિજ પોલિસે રમતની દાવની રકમ ૨૦,૧૨૦ ગંજીપાના મોટર સાઇકલ બે જેની કિંમત- ૪૫,૦૦૦ મોબાઇલ નંગ ૫ જેની કિંમત ૬,૮૦૦ મળી કુલ ૭૧,૯૨૦નો મુદ્દામાલ સાથે આરીફભાઇ મહમંદભાઇ શેખ રહે.સુમરાવાસ, પ્રાંતિજ, પરવેજખાન અબ્દુલાખાન બલોચ રહે.લુહાર બાળી, પ્રાંતિજ, ગુલામકાદીરખાન જબ્બારખાન પઠાણ રહે. પઠાણવાડા પ્રાંતિજ, વસીમમીંયા અયુબમીંયા કુરેશી રહે. ભટ્ટીવાડા, પ્રાંતિજ, મહોમદ તારીફ હૈદરમીંયા શેખ રહે. પઠાણવાડા, પ્રાંતિજ તથા પોલીસ જોતા જ સઇદમીંયા ઉર્ફે જમાઇ રહે.ચોપાટી ટેકરો પ્રાંતિજ, અસ્લમ કાલુમીંયા રહે. લુહારબાળી પ્રાંતિજ ભાગી ગયાં હતાં. તમામે તમામ પ્રાંતિજના રહેવાસી છે. પોલીસે પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ જગદીશભાઇ છગનભાઈની ફરીયાદના આધારે ૨૦૧૮ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માલપુરના વિનાયકનગરમાં સિદ્ધિવિનાયક ગણપતિ અંગારકીચોથની ભવ્ય ઉજવણી





મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લામાં આવેલા ગણપતિદાદાના મંદિરોમાં અંગારકી સંકટચોથના દિવસે ભક્તોની ભારે ભીડ વહેલી સવારથી મોડીરાત્રી સુધી ઉમટી દર્શનો લાભ લીધો હતો. ગણપતિ મંદિરોમાં મંગળવારે અંગારકી સંકટ ચતુર્થી નીમીત્તે પૂજાપાઠ અને યજ્ઞ યોજાયા હતા. માલપુરના અલૌકિક મંદિર સિદ્ધિવિનાયક મંદિરમાં સંકટચોથના દિવસે ભવ્યાતિભવ્ય કાર્યક્રમ યોજાયા હતા.

માલપુરના વિનાયક નગરમાં ભગવાન સિદ્ધિ વિનાયક ગણપતિદાદાના અલૌકિક મંદિરમાં મંગળવારે અંગારકી ચોથના દિવસે મોદકપુજા યજ્ઞ, ભગવાનની અંગપૂજા, પંચોપચાર પૂજાવિધિ અને રાત્રીના ૧૦ કલાકે સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં માલપુર સહીત આજુબાજુના વિસ્તારોમાંથી ભક્તો ઉમટ્યા હતા. વિવિધ સેવાપૂજા અને સમૂહ આરતી અને યજ્ઞના યજમાન સુરેન્દ્રસિંહ રાઠોડ(ચકાચક બાપુ), ગોર વિશાલકુમાર હિતેષકુમાર, પંડયા શંભુ બંસીલાલ, પંડયા જીજ્ઞેશકુમાર જીતેન્દ્રપ્રસાદ, પંડયા ધર્મેશકુમાર ધીરજલાલ, ત્રિવેદી ચેતનકુમાર ચંદુલાલ યજ્ઞોપત વિધિમાં ભાગ લીધો હતો. મંદિરના ટ્રસ્ટી પ્રમુખ જગદીશ ત્રિવેદી અને મંત્રી હેમંત પંડ્યા દ્વારા સમગ્ર પૂજાવિધિનું આયોજન કરવામાં આવ્યું હતું અને મંદિરમાં દર્શનાર્થે આવતા ભક્તોને અડચણ પેદા ન થાય તેમાટે વિશેષ કાળજી રાખી હતી.




જીલ્લા મથક પાલનપુર ખાતે રોટરી કલબ ઓફ પાલનપુર અને રોટરેક્ટ કલબ ઓફ પાલનપુર નો પદગ્રહણ સમારોહ લક્ષ્મણ ટેકરી વિસ્તારમાં આવેલ રોટરીહોલ ખાતે યોજાયો હતો. આ પદગ્રહણ સમારોહ જીલ્લા કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે રોટરી ડિસ્ટ્રીકટ ૩૦૫૪ ના પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિર્મલભાઈ સંઘવી ઈન્સ્ટોલેશન ઓફિસર તરીકે ઉપસ્થિત રહી વર્ષ ૨૦૧૮-૧૯ ના નવનિયુક્ત પ્રમુખ કલ્પેશભાઈ શાહ અને મંત્રી તરીકે શશિકાન્તભાઈ ત્રિપાઠી અને તેમની સમગ્ર ટીમને જ્યારે રોટરેક્ટ કલબ ના વર્ષ ૨૦૧૮-૧૯ ના નવનિયુક્ત પ્રમુખ નિખિલ જોષી અને મંત્રી લખન ગુપ્તા તેમજ રોટરેક્ટ ટીમને શપથ લેવડાવ્યા હતા.

# ધરોઈ-વડાલી રોડ પરથી ૭.૬૫ લાખનો દારૂ પકડાયો

હિંમતનગર, તા.૧

સાબરકાંઠાના વડાલી - ધરોઈ રોડ પરથી બાતમીને આધારે બુધવારે બે વાહનોમાં પાસ પરમીટ વિના લઈ જવાતા રૂ. ૭.૬૫ લાખના વિદેશી દારૂના જથ્થા સાથે ચાર ઈસમોને ઝડપી લઈ તેમની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે એલ.સી.બી. પી.આઈ. વી. યુ. ગડુરીયાના જણાવાયા મુજબ ધરોઈ - વડાલી રોડ પર થઈને બુધવારે બે વાહનો પાસ પરમીટ વિનાનો વિદેશી દારૂ લઈને મહેસાણા તરફ જવાના છે. જે આધારે એલ.સી.બી.એ વૉચ ગોઠવી વાહન ચેકીંગ શરૂ કર્યું હતું. દરમિયાન અહીંથી પસાર થતી બોલેરો અને પીકઅપ ડાલુ શંકાસ્પદ જણાતા બંનેને પોલીસે અટકાવ્યા હતા. ત્યારબાદ બોલેરોમાંથી અંદાજે રૂ. ૬ લાખનો પાસ પરમીટ વિનાનો વિદેશી દારૂર મળી આવ્યો હતો. ઉપરાંત ડાલામાંથી પણ રૂ. ૧.૬૫ લાખનો દારૂ મળી આવતા પોલીસે બંને વાહનોમાં બેસી જઈ રહેલા ચાર શખ્સોની પુછપરછ કરી હતી. પરંતુ કોઈ સંતોષકારક જવાબ ન મળતા પોલીસે બંને વાહનો તથા દારૂના જથ્થાને કબ્જે લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# કાંકરેજ તાલુકાના સુદ્રોસણ ગ્રામજનોએ કાંકરેજ મામલતદારને આવેદન પત્ર આપ્યું

કાંકરેજ, તા. ૧

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના સુદ્રોસણ ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા કાંકરેજ



તાલુકા પંચાયતમા અનેકવાર લેખિત રજૂઆતો કરી પીવાના પાણી માટે બોર, બનાસ નદીમાંથી ગામમાં ચોમાસાનું પાણી ઘૂસી જતું હોવાથી પૂર સંરક્ષણ દીવાલ, સ્મશાન ગ્રુહ, પંચાયત ઘર, સી.સી. રોડ તેમજ રોડા થઈ સુદ્રોસણનો પાંચ કિલોમીટરનો પેવર રોડ બાબતે અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરેલ પરંતુ તાલુકા વિકાસ અધિકારી દ્વારા અને કાંકરેજના નબળા નેતાગીરીના કારણે આજે સુદ્રોસણનો ભોગ લેવાઈ રહ્યો છે ત્યારે સુદ્રોસણ સરપંચ સવિતાબેન પરમાર, ડેપ્યુટી સરપંચ સમજુંબેન ઠાકોર સહિતના ન્યાય સમિતિના ચેરમેન તેમજ ભદ્રીવાડી ડેલીગેટ અશોકભાઈ પરમાર, કલ્પેશભાઈ, ભોજુભાઈ અને હારીજ નવસર્જન ટ્રસ્ટના મોહનભાઈ પરમાર કાંકરેજ મામલતદાર કચેરીએ આવી મામલતદાર સજ્જનસિંહ ચૌહાણને પોતાની માગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું હતું અને સરપંચ પતિએ મીડિયા સમક્ષ પોતાના ગામની હાલત જણાવી તંત્રના અધિકારીઓ પાસે વિકાસના કામો અને પીવાના પાણીની વ્યવસ્થા કરી આપવા આજીજી કરી હતી ત્યારે જોવું એ રહ્યું કે સુદ્રોસણને પીવાના પાણી સાથે માંગણીઓ સંતોષાય છે કે નહીં એ તો આવનાર સમય બતાવશે.

# ઊંઝામાં નજીવી બાબતે બે જુથો વચ્ચે અથડામણ

**ઊંઝા શહેરમાં અચડણરૂપ ઓટોરીક્ષા થોભાવવાની બાબતમાં બે જુદી જુદી કોમના માણસો વચ્ચે થયેલ તકરાર દરમિયાન એકની મારપીટ થતાં ઉશ્કેરાયેલ એક જૂથના કેટલાક ઈસમોએ હથિયારો સાથે નીકળીને જુદી જુદી જગ્યાએ સામેના જૂથના લોકોની રીક્ષાઓને નિશાન બનાવી તોડફોડ કરતાં મામલો ગરમાયો હતો**

ઊંઝા, તા. ૧

ઊંઝા શહેરમાં અચડણરૂપ ઓટોરીક્ષા થોભાવવાની બાબતમાં બે જુદી જુદી કોમના માણસો વચ્ચે થયેલ તકરાર દરમિયાન એકની મારપીટ થતાં ઉશ્કેરાયેલ એક જૂથના કેટલાક ઈસમોએ હથિયારો સાથે નીકળીને જુદી જુદી જગ્યાએ સામેના જૂથના લોકોની રીક્ષાઓને નિશાન બનાવી તોડફોડ કરતાં મામલો ગરમાયો હતો. તોડફોડ દરમિયાન એક રીક્ષાચાલક પર તીક્ષ્ણ હથિયારવડે હૂમલો કરાતાં તે ઘાયલ થયો હતો. આ ઘટનાને પગલે શહેરમાં ભયનું વાતાવરણ સર્જાયુ હતુ.

જાણવા મળ્યા મુજબ ગઈકાલે ઊંઝા શહેરમાં નજીકના ભાંખર ગામની ઓટોરીક્ષા કથિત અડચણરૂપ થોભાવેલ હોઈ અન્યો કોમના વ્યક્તિએ બોલાચાલી કરતાં તેને મારપીટ કરવામાં આવી હતી. જેથી મારપીટ કરાયેલ વ્યક્તિના સમર્થનમાં ઉશ્કેરાયેલ કેટલાક શખ્સોએ હથીયારો ધારણ કરી ભાંખર ગામના ચોક્કસ કોમના માણસોની ઓટોરીક્ષાઓને નિશાન બનાવી તોડફોડ કરી હતી. આ તોડફોડ દરમિયાન એક દલિત સમાજના રીક્ષાચાલક પર પણ હૂમલો થયો હતો. આથી તેને શરીરે ઈજાઓ થઈ હતી. શહેરના ગાંધીચોક, બાળોજમાતા પાસે, હાઈવે સર્કલ બજાર વિસ્તારમાં હૂમલો અને તોડફોડ કરાતાં શહેરમાં ભયનું વાતાવરણ ફેલાઈ ગયુ હતુ. આ ઘટનાને પગલે શહેરમાં અજંપા ભરી સ્થિતિ જોવા મળી હતી.

આ ઘટનામાં તાલુકાના મહેરવાડા ગામનો નિર્દોષ રીક્ષાચાલક હૂમલાનો ભોગ બન્યો છે. ઊંઝા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત પ્રવૃત્તિઓ વધતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

દરમિયાન ઉપરોક્ત ઘટનામાં ઘાયલ થયેલ રીક્ષાચાલક ભૂપેન્દ્ર બાબુલાલ સુદ્રાસણાની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે ૨૫ થી ૩૦ જેટલા હથિયારધારી શખ્સો વિરૂદ્ધ હુલ્લડ, શારીરિક મહાવ્યથા, નુકશાન બાબતે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.